# જનસંપર્ક અધિકારી,

## પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૨૬/૦૨/૨૦૨૫ બુધવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ–** **સમાચાર યાદી નં.૩૦૭/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૪ કેસ કરી, ૨૮ વ્યક્તિઓને ઝડપી, ૯૬ લીટર દેશી દારૂ, ૧ બોટલ ઇંગ્લીશ દારૂ, ૨૯ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ અને ૧૦ બિયર ટીન કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૩ કેસ કરી ૭ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૪,૧૦૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ–** **સમાચાર યાદી નં.૩૦૮/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૬૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૩ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**છેતરપીંડીઃ–** **સમાચાર યાદી નં.૩૦૯/૨૦૨૫**

**ક્રાઇમ બ્રાન્ચઃ (૧)** હિતેષકુમાર ચિનુભાઇ મહેતા (ઉ.વ.૫૫) (રહે. શિવાલીક બંગ્લોઝ મધુર હોલની બાજુમાં સેટેલાઇટ) એ તા.૨૫/૦૨/૨૦૨૫ ના રોજ ક્રાઇમ બ્રાન્ચ ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૧/૦૧/૨૦૧૯ થી તા.૨૧/૦૬/૨૦૨૨ સુધીના સમયગાળા દરમ્યાન પ્રહલાદનગર કોર્પોરેટ રોડ સફલ પ્રોફીટેરની બાજુમાં ૬૦ ફુટ રોડ ઈન્ફીનીટી ટાવર એરો પેટ્રોકેમ ઇન્ડીયા પ્રા.લી નામની હિતેષકુમાર મહેતાની કંપની ઓફીસ નં–બી/૧૦૧ ખાતે કંપનીમાં વહીવટ તથા વ્યવહારનું કામ કરતા (૧) પાર્થ નરેન્દ્ર શાહ (રહે. વિશાલ ટાવર સેવી હોસ્પીટલની બાજુમાં આનંદનગર સેટેલાઇટ) તથા (૨) હર્ષલ નરેન્દ્ર શાહ (રહે. શેત્રુજય રેસીડેન્સી આનંદનગર રોડ દેવહોર્મ રેસીડેન્સી આનંદનગર) નાઓએ ભેગા મળી હિતેષકુમાર મહેતા નાઓ ભારત દેશમાં નહી હોવાનો લાભ મેળવી કંપનીના પંજાબ નેશનલ બેંક તથા ઇન્ડુસન બેંકના ખાતામાંથી કુલ રૂપિયા ૧,૫૭,૮૫,૦૫૨/– તેઓના અંગત તથા પરીવારના સભ્યના બેંક ખાતામાં ટ્રાન્સફર કરી તેમજ લેઝરમાં જણાવેલ કંપનીઓ સાથે કોઇ વ્યવહાર ના હોવા છતાં તેઓને નાણાં ચુકવી કંપનીમાંથી ઉચાપત કરી નાણાં મેળવીલઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ ક્રાઇમ બ્રાન્ચ આર્થિક ગુના નિવારણ શાખા યુનિટ–૪ પો.ઇ.શ્રી વી.એન.ચૌધરી ચલાવે છે.

**ક્રાઇમ બ્રાન્ચઃ (૨)** દિલીપભાઇ ભવરલાલ મંડોવરા (ઉ.વ.૪૧) (રહે. સદભાવ સોસાયટી ઓમ ટાવર પાસે ઘોડા કેમ્પ રોડ શાહીબાગ) એ તા.૨૫/૦૨/૨૦૨૫ ના રોજ ક્રાઇમ બ્રાન્ચ ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૮/૧૧/૨૦૨૦ થી તા.૨૫/૧૨/૨૦૨૪ સુધીના સમયગાળા દરમ્યાન પશુપતી ટેક્ષટાઇલ મીલ્સ તથા પશુપતી એપરલ્સ ના ભાગીદાર આરોપી (૧) પ્રવિણભાઇ નારાયણભાઇ ટાંક (૨) જીતેન્દ્ર રમેશભાઇ પ્રજાપતી (બંન્ને રહે. શાશ્વત મહાદેવ ન્યુ આરટીઓ રોડ વસ્ત્રાલ રામોલ, તેમજ ઓફિસ સરનામુ દુકાન નંબર–૬૬ નુતન કલોથ માર્કેટ સારંગપુર અમદાવાદ) એ ભેગા મળી સારંગપુર ન્યુ કલોથ માર્કેટ માળીયુ દુકાન નંબર–૧૮૯ ખાતેથી દિલીપભાઇ મંડોવરા તેમજ સાહેદ વેપારીઓ પાસેથી શર્ટીંગ કાપડનો જથ્થાબંધ માલ કુલ કિમત રૂપિયા ૫,૪૧,૨૯,૭૧૦/– ઉધારમાં ખરીદ કરી માલનું પેમેન્ટ ૩૦ થી ૯૦ દિવસમાં ચુકવી દેવાની ખાતરી આપી માલ લઈ જઈ તે પૈકી રૂપિયા ૨,૪૧,૮૭,૨૦૩/– ચુકવી, બાકી નિકળતા રૂપિયા ૨,૯૯,૪૨,૫૦૭/– આજદીન સુધી નહી ચુકવી દુકાન બંધ કરી નાસી જઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ ક્રાઇમ બ્રાન્ચ આર્થિક ગુના નિવારણ શાખા યુનિટ–૧ પો.ઇ.શ્રી કે.પી.જાડેજા ચલાવે છે.

**કૃષ્ણનગરઃ** જય ગિરીશભાઇ પારેખ વાળંદ (ઉ.વ.૨૯) (રહે. શિરોમણી સોસાયટી બાપા સિતારામ ચોક નવા નરોડા) એ તા.૨૫/૦૨/૨૦૨૫ ના રોજ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે જય વાળંદ એ તા.૦૫/૦૨/૨૦૨૫ ના રોજ ડેબીટ કાર્ડથી એટીએમ સેન્ટર માંથી પૈસા ઉપાડ કરતા એટીએમ સેન્ટરના મશીનમાંથી પૈસા ઉપાડ થયેલ નહી પરંતું ખાતામાંથી પૈસા ઉપાડ થયેલાનો મોબાઈલ ફોનમાં ટેક્સ મેસેજ આવેલ જેથી જય વાળંદ એ ઓનલાઈન કમ્પલેઈન કરેલ હતી. ત્યારબાદ તા.૦૮/૦૨/૨૫ ના રોજ મોબાઈલ નંબર ૬૨૮૯૨૦૫૪૩૭ ના ધારકે જય વાળંદના મોબાઈલ નંબર ઉપર ફોન આવેલ અને જણાવેલ કે તમારા પૈસા ડેબીટ કાર્ડથી ઉપાડ થયેલ પૈસા પરત જોઈતા હોય તો હું લીંક મોકલું છું તે લીંકમાં વિગત ભરો તેમ કહી લિંક મોકલતા જય વાળંદ એ લિંક ખોલી લિંકમાં બેન્ક ખાતા સાથેની વિગત ભરતા ઇન્ટરનેટ માધ્યમ દ્વારા જય વાળંદના બેંક ખાતામાંથી ટુકડે-ટુકડે કુલ રૂપિયા ૧,૦૭,૨૯૭/- ટ્રાન્સફર કરી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એ.આર.ધવન ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૩૧૦/૨૦૨૫**

**ગુજરાત યુનિવર્સિટીઃ** અજયભાઇ મણીભાઇ ઠક્કર (રહે.માનવવન એપાર્ટમેન્ટ વિજય ચાર રસ્તા પાસે મેમનગર ફાયર સ્ટેશનની બાજુમાં) એ તા.૨૫/૦૨/૨૦૨૫ ના રોજ ગુજરાત યુનિવર્સિટી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૦/૦૨/૨૦૨૫ થી તા.૨૨/૦૨/૨૦૨૫ સુધીના સમયગાળા દરમ્યાન નવરંગપુરા દર્પણ સર્કલ પાસે હાટકેશ સોસાયટી ખાતે આવેલ પોતાના બિજા મકાનના પાછળના ભાગે દરવાજો ખોલી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોના-ચાંદીની વસ્તુઓ/દાગીના અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૨,૧૮,૬૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એસ.આર.બાવા ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૩૧૧/૨૦૨૫**

**ચાંદખેડાઃ** મંજુબહેન વા/ઓ રણજીતભાઇ યોગી (રહે. ભીમનાથ એપાર્ટમેન્ટ ન્યુ સી.જી. રોડ ચાંદખેડા) એ તા.૨૫/૦૨/૨૦૨૫ ના રોજ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૮/૦૨/૨૦૨૫ સાંજના ૫/૦૦ વાગ્યાના સુમારે ચાંદખેડા જનતાનગર રાધીકા સાડી સેન્ટર નામની પોતાની દુકાન ખાતે કાળા રંગના ચણીયા ખરીદ કરવાના બહાને આવેલ ત્રણ મહીલાઓ મંજુબહેન યોગીની નજર ચુકવી દુકાનના કેશ કાઉન્ટરમાંથી રોકડ રૂપિયા ૩૦,૦૦૦/- તથા દુકાનમાંથી સાડીઓ નંગ-૧૦ કિમત રૂપિયા ૧૫,૦૦૦/- તથા ચણીયા નંગ-૭ કિમત રૂપિયા ૧૦૦૦/- ચોરી કરી લઇ ગઈ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.યુ.ઠાકોર ચલાવે છે.

**દાઝી જતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૩૧૨/૨૦૨૫**

**સરદારનગરઃ** નિરૂબહેન ડો/ઓ લગજીભાઈ તમંચે (ઉ.વ.૭૪) (રહે. એફ વોર્ડ ચાચરા ચોક કુબેરનગર સરદારનગર) નાઓ તા.૨૫/૦૨/૨૦૨૫ સવારના ૧૧/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ચુલા ઉપર ચા બનાવતા હતા દરમ્યાન પહેરેલ કપડાને આગ લાગતા દાઝી ગયા હતા. સારવાર માટે તેમને સિવિલ હોસ્પિટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉ.શ્રીએ મૃત જાહેર કર્યા હતા. આ અંગે સરદારનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી પ્રકાશભાઇ ચંપકલાલ ચલાવે છે.

**અપમૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૩૧૩/૨૦૨૫**

**સાબરમતીઃ** સાબરમતી ન્યુ રાણીપ ચેનપુર એચ બ્લોક પાછળના ભાગે ધરતી સાંકેત હેવન -૦૨ ખાતે કડીયા કામ કરતા અને ત્યાં જ ત્રીજા માળ ખાતે રહેતા શાંતિલાલ ધુળાભાઇ ડોડીયાર (મુળ વતન. બાંસીયા તા.સીમ્બલવાડા જી.ડુંગરપુર રાજસ્થાન) નાઓનો ચાર વર્ષનો પુત્ર તા.૨૫/૦૨/૨૦૨૫ કલાક ૯/૩૫ વાગ્યા પહેલા રહેણાંક ખાતે ત્રીજા માળથી નીચે પડી જતા ગંભીર ઈજાઓ થતા તેનું મૃત્યું નિપજયું હતું. આ અંગે સાબરમતી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ વુ.મ.સ.ઈ શ્રી યુ.કે.પંડ્યા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી